**<u>રેગ્યુલર સીવીલ અપીલ નં.૨૨/૨૦૨૫</u>**

**<u>આંક–૦૫ લગત હુકમ</u>**

વિવાદી તરફે આપેલ આંક–૦૫ ની અરજી વંચાણે લીધી વિવાદીના વિ.વ.શ્રી જી.પી.ઠક્કરને સાભળ્યાં તેમજ પ્રતિવિવાદી તરફે વિ.વ.શ્રી એસ.બી.વ્યાસને સાંભળ્યા.

વિવાદી તરફે વિ.વ.શ્રી જી.પી.ઠક્કર રજુઆત કરતા જણાવે છે કે, વિવાદી તરફે નામદાર ટ્રાયલ કોર્ટમાં રે.દિ.મુ.નં. ૪૭/૨૦૧૨ થી દાવો દાખલ કરી પ્રતીવાદીઓ જાતે કે તેમના માણસો એજન્ટો મારફતે વાદગ્રસ્ત રસ્તા ઉપર કોઇપણ પ્રકારનુ બાધકામ કરે કરાવે નહી તેવા કામ ચલાઉ મનાઇ હુકમની માગણી કરેલ. જે આધારે વાદીના લાભમાં કામ ચલાઉ મનાઇ હુકમ આપવામાં આવે ત્યાર બાદ સદર દાવો પુરાવા ઉપર આવેલ પરંતુ વિવાદી ઉમર લાયક માણસ હોય અને છેલ્લા છ માસથી અમેરીકા ગયેલ હોય દાવાના કામે હાજર ન રહેતા વાદીની જુબાની ડિસ્કાર્ડ કરવાનો હુકમ કરી વાદીના પુરવાનો હક્ક બંધ કરેલ છે. જેથી અપીલ ચાલતા સુધી નામદાર નીચેની કોર્ટનો હુકમ અને હુકમનામુ સ્ટે કરવામાં ન આવે તો પ્રતીવાદીઓ વાદીના કાયમી રસ્તામાં અતિક્રમણ કરી અડચણ કરે તેવો ભય છે અને તેનાથી વાદીને ઘણુ નુકશાન થાય તેમ છે જેથી નામદાર ટ્રાયલ કોર્ટનો હુકમ તથા હુકમનામુ અપીલ સમય સુધી સ્ટે કરવા અરજ કરેલ છે.

પ્રતિવિવાદી તરફે વિ.વ.શ્રી એસ.બી. વ્યાસ રજુઆત કરતા જણાવે છે કે, નામદાર ટ્રાયલ કોર્ટે વાદીનો પુરાવો રજુ કરવા પુરતી તક આપેલ છે. તેમ છતા પોતે અમેરીકા જતા રહેલ અને ત્યાંથી પરત ન આવતા નામદાર ટ્રાયલ કોર્ટે પુરાવાનો હક્ક બંધ કરેલ છે. વાદીના જણાવ્યા મુજબ તેઓની અમેરીકામાં તબિયત બગડેલ હોય અને આંખોમાં ઇન્ફેક્શન થયેલ હોય જે તે સમયે પુરાવો આપવા માટે નામદાર કોર્ટમાં આવી શકેલ નહી પરંતુ આ બાબતે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આમ, વિવાદી તરફે નામદાર ટ્રાયલ કોર્ટમાં કોઇ પુરાવો રજુ કરેલ ન હોય અને વિવાદીનો પુરાવાનો હક્ક બંધ કરેલ હોય અપીલમાં વાદી સફળ થાય તેમ નથી જેથી આંક–૫ની હુકમનામુ સ્ટે કરવાની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

બન્ને પક્ષકારોની રજુઆતોને ધ્યાને લેતા તેમજ નામદાર ટ્રાયલ કોર્ટનુ રે.દિ.મુ. નં. ૪૭/૨૦૦૨ના દાવાના કામે રજુ થયેલ મૌખીક તેમજ

દસ્તાવેજી પુરાવાને વંચાણે લેતા એ હકીકત સ્પષ્ટ છે કે વાદી અમેરીકા ગયેલ અને ત્યાંથી સમય સર પરત ન આવતા વાદી તરફે રજુ કરેલ સરતપાસનુ સોગંદનામુ ડીસ્કાર્ડ કરવામાં આવેલ છે અને ત્યાર બાદ વાદીનો પુરાવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે. આ કામે દાવાની હકીકતો ધ્યાને લેતા નામદાર ટ્રાયલ કોર્ટનો હુકમ તથા હુકમનામુ અપીલ સમય સુધી સ્ટે કરવામાં ન આવે તો વિવાદીને નુકશાન થાય તેવી શક્યતા છે જેથી ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરૂ છુ.

**હુ ક મ**

વિવાદી તરફે આપેલ આંક–૫ ની આપેલ અરજી આથી મંજુર કરવામાં આવે છે અને સિધ્ધપુરના મે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીએ રે.દિ.મુ.નં. ૪૭/૨૦૦૨ ના કામે તા. ૧૪/૦૮/૨૦૨૫ના રોજ આપેલ ઠરાવ અને હુકમનામાની અમલ બજવણી આ અપીલનો નિકાલ ન આવે ત્યાં સુધી મોકુફ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

તા. ૩૧/૦૧/૨૦૨૬.
પાટણ.

(પી.એચ.શેઠ)
પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ જજ,
પાટણ.